ખેડા જિલ્લા પંચાયત ભવન માટે રૂ. ૩૫ કરોડના આંધણ બાદ સામાન્ય વરસાદમાં જ કચેરી 'જળબંબાકાર'

ખેડા જિલ્લા પંચાયતમાં ભ્રષ્ટાચારનું 'પૂર'

છત અને સાંધામાંથી પાણી ટપકતા તંત્રની અણઆવડત છતી થઈ

ચોથા માળથી ગ્રાઉન્ડ ફ્લોર સુધી જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૫

નડિયાદના ડભાણ રોડ પર કરોડો રૂપિયાના ખર્ચે નવનિર્મિત ખેડા જિલ્લા પંચાયત ભવનમાં ચોમાસાની શરૂઆતે જ વહીવટી તંત્ર અને કોન્ટ્રાક્ટરની મિલીભગતની પોલ ખોલી નાખી છે. આશરે ૩૫ કરોડથી વધુના જંગી ખર્ચે તૈયાર થયેલી આ અત્યાધુનિક ગણાતી ઈમારત સામાન્ય વરસાદમાં જ 'લીકેજ હાઉસ' બની ગઈ છે. પ્રજાના ટેક્સના પૈસાનું પાણી કેવી રીતે થાય છે તેનું આ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા દ્રશ્યો કચેરીમાં જોવા મળ્યા હતા.

ખેડા જિલ્લા પંચાયત ભવનની નવી નક્કોર ઈમારતની ગુણવત્તા એટલી હદે કંગાળ છે કે છતના સાંધા (જોઈન્ટ્સ) માંથી સીધું પાણી અંદર ઉતરી રહ્યું છે. બારીઓ અને પ્રવેશદ્વારોની અણઘડ ડિઝાઈનને કારણે વરસાદી પાણી કોઈપણ રોકટોક વગર કચેરીમાં પ્રવેશી રહ્યું છે. દાદરના ભાગે ચોથા માળથી લઈને ગ્રાઉન્ડ ફ્લોર સુધી પાણીની રેલમછેલ જોવા મળી હતી, જેના કારણે અરજદારો અને કર્મચારીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

કોન્ફરન્સ હોલ - ઓફિસોમાં નુકસાનની ભીતિ

પ્રથમ માળે હાઈટેક કોન્ફરન્સ હોલમાં પણ પાણી ટપકવાની સમસ્યા સર્જાઈ છે, જે તંત્ર માટે શરમજનક બાબત છે. બીજા માળે ભરાયેલા પાણીના કારણે લાખો રૂપિયાનું ફર્નિચર અને અગત્યના સરકારી રેકોર્ડ પલળી જવાની ભીતિ છે. ગ્રાઉન્ડ ફ્લોર પર ટોઈલેટ બ્લોક પાસે પાણી જમા થતા ગંદકી અને દુર્ગંધનું સામ્રાજ્ય ફેલાયું છે. સામાન્ય વરસાદમાં જો આ હાલત હોય, તો ભારે વરસાદમાં આખી ઈમારતની સ્થિતિ કેટલી ભયંકર હશે તે પ્રશ્ન અત્યારે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

ખેતીવાડી શાખામાં છતમાંથી 'ધોધ' પડ્યો

ખેડા જિલ્લા પંચાયતના ત્રીજા માળે આવેલી ખેતીવાડી વિભાગની ઓફિસમાં સ્થિતિ સૌથી વધુ ગંભીર જોવા મળી હતી. અહીં છતમાં નાખેલી શીટમાંથી ધોધમાર પાણી ટપકતા આખી ઓફિસ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. સરકારી દસ્તાવેજો અને ફાઈલોને બચાવવા કર્મચારીઓએ ભારે દોડધામ કરવી પડી હતી.

નડિયાદમાં મોટા નારાયણદેવની ૨૧૯મી દિવ્ય રથયાત્રા યોજાઇ

નડિયાદ શહેરમાં અતિ પ્રાચીન મોટા નારાયણદેવ ભગવાનની ૨૧૯મી દિવ્ય રથયાત્રા પુષ્ય નક્ષત્રના પવિત્ર દિવસે પરંપરાગત પૂજા-અર્ચના બાદ ભક્તિમય માહોલમાં નીકળી હતી. વર્ષો જૂની પરંપરા મુજબ, ભગવાન નારાયણદેવ લાલજી સ્વરૂપે પાલખીમાં બિરાજીને નગરચર્યાએ નીકળ્યા હતા. આ દિવ્ય યાત્રામાં એક રથ, બે પાલખી, ઢોલ-નગારા અને ત્રાંસાના નાદ સાથે સમગ્ર નગર ગુંજી ઉઠ્યું હતું. ટ્રસ્ટના કારભારી કે.કે. શાહના જણાવ્યા અનુસાર, ભગવાન લાલજીએ નગરના આશરે ૩૦૦ જેટલા ઘરોમાં પધરામણી કરી હતી, જ્યાં ભાવિક ભક્તોએ શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરી આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી. હજારો ભક્તોની ઉપસ્થિતિમાં નીકળેલી આ પાલખી યાત્રાએ સમગ્ર નડિયાદમાં ધાર્મિક ઉમંગ જગાડ્યો હતો.

તસવીર : જશવંતસિંહ રાઠોડ

આણંદ : મંદિરમાં વેપારીના ૪૯ હજારની રોકડ ચોરાઇ

શો મીલના માલિકની નજર ચૂકવી ગઠિયો હાથફેરો કરી ગયો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૫

આણંદના રોકડીયા હનુમાનજી મંદિરે દર્શન કરવા ગયેલા એક વેપારીના ખિસ્સામાંથી અજાણ્યો શખ્સ રૂ. ૪૯,૬૦૦ની રોકડ સેરવીને ફરાર થઈ ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

આણંદ શહેરની કલ્પતરૂ એલીગન્સ સોસાયટીમાં રહેતા અને 'એશિયન વુડ પેકર' નામે શો મીલ ચલાવતા ભાવેશભાઈ કરમશીભાઈ પટેલે પુનાના મિત્ર પાસેથી આંગડિયા પેઢી મારફતે રૂ. એક લાખ મેળવ્યા હતા. આ રકમમાંથી રૂ. ૫૦ હજાર અને રૂ. ૪૯,૬૦૦ના બે અલગ-અલગ બંડલ પેન્ટના ડાબા ખિસ્સામાં મૂકી તેઓ સાંજે રોકડીયા હનુમાન મંદિરે દર્શન કરવા ગયા હતા. દર્શન કરીને બહાર નીકળતી વખતે ખિસ્સામાં હાથ નાખતા રૂ. ૪૯,૬૦૦ વાળું બંડલ ગાયબ હતું.

આ ઘટના બાદ મંદિરના પૂજારીની મદદથી સીસીટીવી ફૂટેજ તપાસતા જાણવા મળ્યું હતું કે, સાંજે આશરે ૭:૫૦ વાગ્યે એક ૩૫ થી ૪૦ વર્ષનો બ્લ્યુ શર્ટ અને સફેદ પેન્ટ પહેરેલો અજાણ્યો શખ્સ વેપારીની પાછળ આવ્યો હતો. આ શખ્સે વેપારીની નજર ચૂકવી અત્યંત સિફતપૂર્વક ખિસ્સામાંથી નાણાં સેરવી લીધા હતા. આ મામલે આણંદ ટાઉન પોલીસે અજાણ્યા તસ્કર વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો.

મહીસા ગામની ૨૪ વર્ષીય માતાએ ૪ અને ૬ વર્ષના માસૂમો સાથે મોતની છલાંગ લગાવી

કપડવંજની નર્મદા નહેરમાં બે માસૂમ સંતાનો સાથે જનેતાએ ઝંપલાવ્યું

તંત્રની લાચારી અને તરવૈયાઓની કથિત નફ્ફટાઈ વચ્ચે શોધખોળ જારી

(પ્રતિનિધિ) કપડવંજ તા.૧૫

કપડવંજ પાસેથી પસાર થતી નર્મદા નહેર ફરી એકવાર પરિવારો માટે 'સુસાઈડ પોઈન્ટ' સાબિત થઈ રહી છે. મહુધા તાલુકાના મહીસા ગામની એક ૨૪ વર્ષીય માતાએ જ્યારે પોતાના બે માસૂમ સંતાનો સાથે નહેરના ઊંડા પાણીમાં ઝંપલાવ્યું, ત્યારે માનવતા હચમચી ઉઠી હતી. આ ઘટનાએ માત્ર એક પરિવારને વિખેરી નથી નાખ્યો, પરંતુ કપડવંજ ફાયર બ્રિગેડની માનવીય સંવેદનાઓ સામે પણ ગંભીર સવાલો ખડા કર્યા છે.

મહીસા ગામના ૨૪ વર્ષીય ભાવનાબેન ચૌહાણ ૪ વર્ષની દીકરી નિત્યા અને ૬ વર્ષના દીકરા પિયુષને લઈને નર્મદા નહેર પર પહોંચ્યા હતા. જે ઉંમરે બાળકોને દુનિયા જોવાની હતી, તે ઉંમરે જનેતાએ કયા સંજોગોમાં તેમને સાથે લઈ નહેરમાં મોતની છલાંગ લગાવી ? તે તપાસનો વિષય છે. હાલ ત્રણેય જીવો નહેરના ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા છે અને તેમની શોધખોળ ચાલી રહી છે.

આશ્ચર્યની વાત એ છે કે, કપડવંજ નહેરમાં અવારનવાર આવી ઘટનાઓ બનતી હોવા છતાં, કપડવંજ ફાયર બ્રિગેડ પાસે આજે પણ તાલીમબદ્ધ તરવૈયાઓનો અભાવ છે. જ્યારે ઘટના બની ત્યારે ટીમ પહોંચી તો ખરી, પણ પૂરતા સાધનો અને નિષ્ણાત તરવૈયા વગર બચાવ કામગીરી રામભરોસે જોવા મળી હતી. સવાલ એ થાય છે કે તંત્ર જાગશે ક્યારે? હાલ પોલીસ દ્વારા આત્મહત્યા પાછળના કારણો જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે.

લાશ કાઢવાના ૧૫ હજારની માગણી

આ આખી ઘટનામાં સૌથી શરમજનક પાસું એ સામે આવ્યું છે કે, એક તરફ પરિવાર પોતાના સ્વજનોને શોધી રહ્યો છે, ત્યારે કેટલાક ખાનગી તરવૈયાઓએ માનવતા નેવે મૂકી હતી. એક આક્ષેપ અનુસાર, નહેરમાંથી લાશ બહાર કાઢવા માટે એક લાશ દીઠ રૂપિયા ૧૫ હજારની માગણી કરવામાં આવી હતી. આ બાબતે સોશિયલ મીડિયા અને સ્થાનિક સ્તરે ભારે ચર્ચા અને રોષ જગાડ્યો છે.

અહિમા ગામના યુવાનના શંકાસ્પદ મોતથી હોબાળો

મિત્રો લાશ ખાટલામાં મૂકીને ચાલ્યા જતાં હત્યાની આશંકા

(પ્રતિનિધિ) આણંદ તા.૧૫

ઉમરેઠ તાલુકાના ઓડ (અહિમા) ગામના એક ૩૯ વર્ષીય યુવાનનું મિત્રો સાથે પ્રવાસેથી પરત ફર્યા બાદ શંકાસ્પદ સંજોગોમાં મોત નિપજતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. મંડપ ડેકોરેશનનો વ્યવસાય કરતા દેવેન્દ્રસિંહ તખતસિંહ ચૌહાણ પોતાની કારમાં પાંચ મિત્રો સાથે દીવ-દમણ ફરવા ગયા હતા. મોડી રાત્રે પરત ફર્યા બાદ, વહેલી સવારે દેવેન્દ્રસિંહનો મૃતદેહ તેમના ઘર નજીક આવેલી એક દુકાન બહાર ખાટલામાંથી મળી આવ્યો હતો.

આ અંગે મૃતકના પરિવારજનોએ આક્ષેપ કર્યો છે કે દેવેન્દ્રસિંહની ગળે બેલ્ટ વડે ટૂંપો આપીને હત્યા કરવામાં આવી છે. યુવાનના મોતના સમાચાર મળતા જ પરિવારજનો ઓડ આઉટ પોસ્ટ ખાતે ઉમટી પડ્યા હતા. સૌથી વધુ શંકાસ્પદ બાબત એ રહી કે, સાથે ગયેલા મિત્રો પરિવારને જાણ કર્યા વગર જ લાશને ખાટલામાં સુવડાવીને ત્યાંથી ચાલ્યા ગયા હતા. મૃતકની જીભ થોડી બહાર નીકળેલી હોવાથી હત્યાની આશંકા વધુ મજબૂત બની છે.

ખંભોળજ પોલીસના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં શરીર પર ઈજાના કોઈ દેખીતા નિશાન મળ્યાં નથી. હાલમાં પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ચોમાસું પાકોમાં રોગ નિયંત્રણ માટે બીજ માવજતની ગાઈડલાઈન જાહેર

આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ હળવા વરસાદનો વર્તારો

ખેડૂતોને વાવણી કાર્ય પૂર્ણ કરવા આણંદ કૃષિ યુનિવર્સિટીની મહત્વની સલાહ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૫

આણંદ કૃષિ યુનિવર્સિટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા જિલ્લાના ખેડૂતો માટે હવામાન આધારિત નવી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. આગામી ૧૫મીથી ૧૯મી જુલાઈ દરમિયાન જિલ્લામાં મુખ્યત્વે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે છૂટાછવાયા સ્થળોએ ખૂબ હળવો વરસાદ પડી શકે છે. મૌસમ વિભાગની આ આગાહીને ધ્યાને રાખી ખેડૂતોને બાકી રહેલી વાવણી પૂર્ણ કરવા અને ઉભા પાકની સુરક્ષા માટે ખાસ પગલાં લેવા તાકીદ કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી પાંચ દિવસમાં મહત્તમ તાપમાન ૩૨ થી ૩૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૭ થી ૨૮ ડિગ્રી સેલ્સિયસ રહેવાની શક્યતા છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૫ થી ૭૫ ટકા રહેશે, જ્યારે પવનની ગતિ ૧૬ થી ૨૪ કિમી પ્રતિ કલાક રહેવાની ધારણા છે. પવન મુખ્યત્વે દક્ષિણ-પશ્ચિમ દિશા તરફથી ફૂંકાશે.

જોકે, જે વિસ્તારોમાં પૂરતો વરસાદ થયો હોય ત્યાં બાકી રહેલા ચોમાસું પાકોની વાવણી સત્વરે પૂર્ણ કૃષિ તજજ્ઞો દ્વારા ભલામણ કરવામાં આવી છે.

ચરોતરમાં પશુધનની સુરક્ષા માટે એલર્ટ

ચોમાસા દરમિયાન પશુઓને વીજળી અને મેઘગર્જનાથી બચાવવા માટે સુરક્ષિત શેડમાં રાખવા. પશુઓના રહેઠાણમાં માખી-મચ્છરનો ઉપદ્રવ રોકવા ફિનાઈલનો છંટકાવ કરવો અને ગળસૂંઢો તેમજ ખરવા-મોવાસા જેવા રોગો સામે સમયસર રસીકરણ કરાવવા સલાહ અપાઈ છે.

ફર્નિચરની આડમાં છુપાવેલો ₹૨૦ લાખનો દારૂ ઝડપાયો

હરિયાણાથી રાજકોટ જઈ રહેલી બોલેરો પીકઅપમાંથી વિદેશી દારૂ મળ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૫

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે વાસદ-બગોદરા સ્ટેટ હાઈવે પર સુંદણ રેલ્વે ફાટક નજીકથી ફર્નિચરના વેસ્ટ માલની આડમાં છુપાવીને લઈ જવાતો વિદેશી દારૂનો વિશાળ જથ્થો ઝડપી પાડ્યો છે.

આણંદ લોકલ ક્રાઈમ બ્રાંચને મળેલી ચોક્કસ બાતમીના આધારે સુંદણ ફાટક પાસે વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન હરિયાણા પાસિંગની એક સફેદ બંધ બોડીની બોલેરો પીકઅપને અટકાવી તપાસ હાથ ધરતા, તેમાં પ્લાસ્ટિક વીંટાળેલા ફર્નિચરના વેસ્ટની નીચે છુપાવેલા વિદેશી દારૂના બોક્સ મળી આવ્યા હતા. આ રેડ પોલીસે દરમિયાન અલગ-અલગ બ્રાન્ડની કુલ ૧૨૩ પેટીઓ (૧૪૭૬ બોટલ) દારૂ, જેની કિંમત ૨૦,૨૬,૨૦૦ થાય છે તે જપ્ત કર્યો છે. આ ઉપરાંત ૪ લાખની પીકઅપ ગાડી, મોબાઈલ અને રોકડ રકમ મળી કુલ ૨૪,૪૧,૭૦૦ નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ જથ્થો રાજકોટ પહોંચાડવાનો હતો. પોલીસે ગાડીના ચાલક અક્ષય જાટ અને ક્લીનર પ્રદીપકુમાર મેઘવાલની ધરપકડ કરી છે. પૂછપરછમાં આ જથ્થો હરિયાણાના સુરેન્દ્ર જાટ અને ગાડી માલિક દેવરાજ ગોદારાએ ભરી આપ્યો હતો. વાસદ પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કેનેડા રહેતા શેઠના નામે નકલી પ્રોફાઈલ બનાવી ઠગાઈ કરી

આણંદની કંપનીના કર્મચારી સાથે ૧.૫૮ કરોડની છેતરપિંડી

કિર્તીરાજ સ્નેક્સના એકાઉન્ટન્ટ સાથે ગઠિયાઓએ કળા કરી

(પ્રતિનિધિ) આણંદ તા.૧૫

આણંદમાં સાયબર ગઠિયાઓએ કંપનીના વિદેશમાં રહેતા ડિરેક્ટરની ઓળખ આપીને કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી છે. કિર્તીરાજ સ્નેક્સ પ્રાઈવેટ લિમિટેડના એકાઉન્ટન્ટ પાસેથી કલાયન્ટને પેમેન્ટ કરવાના બહાને કુલ એક કરોડ અઠ્ઠાવન લાખ રૂપિયા ઓનલાઈન પડાવ્યાં હતાં.

આણંદના વિદ્યાનગર રોડ પર રહેતા અને 'કિર્તીરાજ સ્નેક્સ પ્રાઈવેટ લિમિટેડ'માં વર્ષ 2010થી એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા પરાગભાઈ નિરંજનભાઈ ગોર આ મોટી ઠગાઈનો ભોગ બન્યા છે. ગત 10મી જુલાઈના રોજ તેમના વોટ્સએપ પર કંપનીના ડિરેક્ટર કિર્તીભાઈ પટેલના નામે મેસેજ આવ્યો હતો, જેઓ હાલ કેનેડામાં છે. વોટ્સએપ પ્રોફાઈલ પર શેઠનો જ ફોટો હોવાથી એકાઉન્ટન્ટને મેસેજ સાચો હોવાનો વિશ્વાસ બેઠો હતો.

આ ગઠિયાએ પોતે મિટિંગમાં હોવાનું કહી પરાગભાઈ પાસે કંપનીનું બેંક બેલેન્સ પૂછ્યું હતું. બાદમાં કલાયન્ટને તાકીદે ચૂકવણી કરવાના બહાને ગત 10મીથી 14 જુલાઈ દરમિયાન વિવિધ બેંકોના અલગ-અલગ ખાતાઓમાં ટુકડે-ટુકડે કુલ રૂ. 1.58 કરોડ ટ્રાન્સફર કરાવી લીધા હતા. અલબત્ત, મંગળવારે સાંજે જ્યારે એકાઉન્ટન્ટે કિર્તીભાઈના દીકરા આર્ય પટેલ સાથે વાતચીત કરી, ત્યારે સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. આ અંગે તપાસમાં જાણવા મળ્યું હતું કે શેઠ દ્વારા આવો કોઈ જ મેસેજ કરવામાં આવ્યો નથી. વધુ તપાસ કરતા માલૂમ પડ્યું કે જે વોટ્સએપ પ્રોફાઈલ પરથી મેસેજ આવ્યા હતા તેની પાછળ અજાણ્યો મોબાઈલ નંબર 8174061696 હતો. આ અંગે સાયબર હેલ્પલાઈન 1930 પર જાણ કર્યા બાદ આણંદ સાયબર ક્રાઈમ પોલીસ મથકે છેતરપિંડીનો ગુનો નોંધવામાં આવ્યો છે.

કતલખાને લઈ જવાતા બે પશુ મુક્ત કરાવાયા

બાબલીયા ચોકડીએ પશુ તસ્કરીનો પર્દાફાશ, ચાર રાજસ્થાની શખ્સો જેલહવાલે

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૧૫

મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકા હેઠળના બાબલીયા ચોકડી રોડ ઉપર પશુઓને ક્રૂરતાપૂર્વક કતલના ઈરાદે લઈ જતી એક બોલેરો પીકઅપ ગાડી ઝડપાઈ છે. બજરંગ દળના કાર્યકરોની સતર્કતાને કારણે આ પશુ તસ્કરીનો પર્દાફાશ થયો છે, જેમાં બાકોર પોલીસે રાજસ્થાનના ચાર શખ્સોની ધરપકડ કરી હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ગાંધીયાના મુવાડાના રહીશ અને બજરંગ દળના સભ્ય મૌલીકકુમાર પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, લિંબડીયા ચોકડી પાસે એક સફેદ બોલેરો પીકઅપ (RJ-06-GD-9144) શંકાસ્પદ હાલતમાં જતી દેખાતા કાર્યકરોએ તેનો પીછો કર્યો હતો. બાબલીયા ચોકડી પાસે વાહનને આંતરીને તપાસ કરતા ડાલામાં બે પશુઓને ઘાસચારા કે પાણીની કોઈ પણ વ્યવસ્થા વગર, ટૂંકા દોરડાથી અત્યંત દયનીય રીતે બાંધીને રાખવામાં આવ્યા હતા.

બાકોર પોલીસે આ મામલે પશુ પરિવહન અંગેનું કોઈ લાયસન્સ ન ધરાવતા ગોપાલલાલ બલાઈ, સીતારામ સાલવી, મુકેશ રેગર અને પપ્પુલાલ ભીલ (તમામ રહે. રાજસ્થાન) વિરૂદ્ધ પશુ ક્રૂરતા અધિનિયમ હેઠળ ગુનો નોંધ્યો છે.

સરદાર પટેલ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે રજીસ્ટ્રેશનની મુદત લંબાઈ

પૂરક પરીક્ષાના વિદ્યાર્થીઓ પણ કરી ૨૧ જુલાઈ સુધી અરજી શકશે

(પ્રતિનિધિ) આણંદ તા.૧૫

સરદાર પટેલ યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એડ અને સ્વનિર્ભર કોલેજો તેમજ યુનિવર્સિટીના વિવિધ સ્નાતક ભવનોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે મહત્વના સમાચાર છે. ગુજરાત સરકારના GCAS પોર્ટલ દ્વારા ખાલી બેઠક આધારિત કાઉન્સેલિંગ માટેનો લંબાવેલ રાઉન્ડ જાહેર કરવામાં આવ્યો છે.

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા જાહેર થયેલા સુધારિત સમયપત્રક અનુસાર, વિદ્યાર્થીઓ હવે ૨૧મી જુલાઈ ૨૦૨૬ (રાત્રે ૧૧:૫૯ કલાક સુધી) ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશે અથવા અગાઉ ભરેલ ફોર્મમાં અરજી એડિટ કરી પ્રેફરન્સ બદલી શકશે. તાજેતરમાં પૂરક પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓ પણ આ લંબાવેલા રાઉન્ડમાં નવું રજિસ્ટ્રેશન કરાવી પ્રવેશ મેળવી શકશે. જે વિદ્યાર્થીઓએ અગાઉ પ્રવેશ કન્ફર્મ કરાવેલ હોય અને તેમાં ફેરફાર કરવો હોય, તેમણે પહેલા પોતાનો પ્રવેશ કેન્સલ કરાવીને ફરી ફોર્મ સબમિટ કરવું ફરજિયાત રહેશે.

યુનિવર્સિટી અને કોલેજો દ્વારા સીધી પ્રવેશ ઓફર આપવાની પ્રક્રિયા ૧૬મી જુલાઈથી ૨૩મી જુલાઈ ૨૦૨૬ દરમિયાન ચાલશે. વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ (gcas.gujgov.in) પર નિયમિત લોગ-ઈન કરી પોતાના ડેશબોર્ડ પર મળેલ ઓફર ચેક કરવાની રહેશે. પ્રવેશ ઓફર મળ્યા બાદ, વિદ્યાર્થીએ નિયત સમયમર્યાદામાં અસલ ડોક્યુમેન્ટ્સ સાથે સંબંધિત કોલેજ ખાતે રૂબરૂ જઈ, ફી ભરીને OTP દ્વારા પોતાનો પ્રવેશ પાકો કરવાનો રહેશે. પોર્ટલ પર ખાલી બેઠકોની માહિતી દર ૬ કલાકે અપડેટ કરવામાં આવશે.

ગૌમાંસ સાથે પકડાયેલા શખસને બે વર્ષની કેદ

(પ્રતિનિધિ) આણંદ તા.૧૫

બોરસદની ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અદાલતે વર્ષ ૨૦૧૫માં નોંધાયેલા ગેરકાયદે ગૌમાંસની હેરાફેરીના એક મહત્વના કેસમાં ચુકાદો આપતા મુખ્ય આરોપીને બે વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. અદાલતે અવલોકન કર્યું હતું કે પશુ સંરક્ષણના કાયદાનો હેતુ જળવાય તે માટે આવા ગંભીર ગુનામાં ન્યૂનતમ સજા કરી શકાય નહીં.

બોરસદ ટાઉન પોલીસને મળેલી બાતમીના આધારે ૧૧મી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ નીસરાયા ચોકડી પાસે વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન બાતમી મુજબના ટાટા એસી ટેમ્પોને અટકાવી તપાસ કરતા તેમાંથી સાત કોથળામાં ભરેલો અંદાજે ૫૦૦ કિલો માંસનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે સ્થળ પર જ એફ.એસ.એલ. કરાવતાં મોટાભાગના નમૂના ગૌમાંસના હતા. આ પુરાવા કેસમાં મહત્વના સાબિત થયા હતા.

આ કેસમાં કોર્ટે વડોદરાના મહંમદહનીફ સાબીર કુરેશીને ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ દોષિત જાહેર કર્યો હતો. કોર્ટે મહંમદહનીફને બે વર્ષની સાદી કેદ અને રૂ. ૧૦,૦૦૦ના દંડની સજા ફટકારી છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ બે માસની સજા ભોગવવી પડશે. આ કેસમાં અન્ય ત્રણ આરોપીને પુરાવાના અભાવે નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા છે. જ્યારે એકનું અવસાન થયું હોવાથી તેની સામેનો કેસ અબેટ (બંધ) કરવામાં આવ્યો હતો.